## શ્રેષ્ઠ શહેરની દિશામાં
## વિકસિત અમદાવાદનું સ્વપ્ન

સંકલ્પ પત્ર 2026

# જનસમર્થન

**ભાજપને** | **વિકાસને**



લોકશાહીનો મહોત્સવ આવ્યો છે. વિકાસની ગતિને આગળ ધપાવે તેવાં લોકસેવક ચૂંટવાનો અવસર, ગુજરાત રાજ્યની રાષ્ટ્રભક્તિને વરેલી જનતાને મળ્યો છે. ગુજરાત હંમેશા વિકાસની રાજનીતિને પોંખતુ આવ્યું છે, સંવર્ધન કરતું આવ્યું છે.

ગુજરાત રાજ્યના મુખ્યમંત્રી તરીકે 2001માં ગુજરાતના ગૌરવ સમાન દેશના વર્તમાન **વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદી** આવ્યા ત્યારથી આજે મૃદુ અને મક્કમ **મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્રભાઈ પટેલ** અને યુવા **નાયબ મુખ્યમંત્રીશ્રી હર્ષભાઈ સંઘવી**ના વડપણ હેઠળ ગુજરાતની થઈ રહેલી વણથંભી પ્રગતિએ ગુજરાત એટલે વિકાસ અને ભાજપા એટલે વિકાસને જન જનમાં પ્રસ્થાપિત કરી દીધું છે. ભાજપાના ઉર્જાવાન **પ્રદેશ અધ્યક્ષશ્રી જગદીશભાઈ વિશ્વકર્મા**ના નેતૃત્વ અને માર્ગદર્શનમાં સમગ્ર સંગઠન અને કાર્યકરોની વિશાળ સેના લોકશાહીનો જંગ જીતવા, જનતા જનાર્દનના આશીર્વાદ, જનસમર્થન મેળવવા તૈયાર છે.

- ગુજરાત સત્ય અને અહિંસાનો સંદેશ વિશ્વને આપનાર મહાત્મા ગાંધીનું છે.
- ગુજરાત રાષ્ટ્રને એકતાને તાંતણે બાંધનાર લોખંડી પુરૂષ સરદાર પટેલનું છે.
- ગુજરાત આધ્યાત્મિક ચેતનાની જ્યોત સમગ્ર રાષ્ટ્રમાં પ્રગટાવનાર સ્વામી દયાનંદ સરસ્વતીનું છે.
- ગુજરાત સંતો, મહંતો, કથાકારો, કવિઓ, ગાયકો, ભજનિકો, કલાકારો, યાત્રાધામોથી પવિત્ર સંસ્કૃતિના રક્ષકોનું છે.
- ગુજરાત ભારતના અભિન્ન અંગ સમાન કાશ્મીરની ભૂમિમાંથી 370ની કલમ હટાવનાર દેશના મજબૂત **કેન્દ્રીય ગૃહ અને સહકારિતા મંત્રીશ્રી અમિતભાઈ શાહ**નું છે.
- ગુજરાત આઝાદ ભારતમાં સર્વાધિક સમય સરકારના વડા તરીકેનું સ્થાન શોભાવનાર અને સમગ્ર વિશ્વમાં ગુજરાતનો અને ભારતનો ડંકો ગુંજતો કરનાર પ્રખર રાષ્ટ્રભક્ત **વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદી**નું છે.
- ગુજરાત ઉધોગ સાહસિકો, કિસાનો, કામદાર, યુવાઓ, મહિલા, ગરીબ, આદિવાસી અને આપણાં સૌનું વહાલું પોતીકું છે.
- આપણાં સૌ ગુજરાતવાસીઓની એકતા આપણી વિશેષતા છે. આપણી વિકાસયાત્રા. આપણી અસ્મિતા, આપણા સાહસ અને આપણી રાષ્ટ્રભક્તિને કસોટીના એરણે ચઢાવવાનો પ્રયાસ ગુજરાત વિકાસ વિરોધીઓએ સતત કર્યો છે. સતત કરી રહ્યાં છે. આમ છતાંય આપણી એકતાની શક્તિએ તેઓને પરાસ્ત કર્યા છે. **સૌનો સાથ, સૌનો પ્રયાસ, સૌનો વિશ્વાસ અને સૌનો વિકાસ આપણે સાચા અર્થમાં વિકાસ પર્યાય વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદી અને મક્કમતાના પર્યાય મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્રભાઈ પટેલની ડબલ એન્જિન સરકાર થકી સાર્થક કરી રહ્યાં છે.** જન જનના કલ્યાણના માર્ગ પ્રશસ્ત કરી જીવનને ઉત્સાહપૂર્ણ બનાવી શક્યા છીએ.

ગામથી લઈ મહાનગર વિકાસ કાર્યોની વણથંભી યાત્રા આપણે અવિરત આગળ ધપાવી છે. વિકાસ એ સતત ચાલતી પ્રક્રિયા છે. વિકાસના ક્ષેત્રે અવિરત નવી નવી જરૂરીયાતો, નવા નવા સંશોધનો ઉભા થતાં જાય છે. ભારતના વિકાસના પાયામાં રહેલાં આપણે ગુજરાતવાસીઓને પાછળ રહેવું પોષાય નહીં. આ માટે કેન્દ્ર, રાજ્ય અને સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાઓમાં સત્તાનો ત્રિવેણી સંગમ રચાયેલો હોવો જરૂરી છે. ગુજરાતના વિકાસ પ્રેમી સૌ નાગરિકો અને મતદારોએ ગુજરાતના વિકાસ વિરોધીઓને પરાસ્ત કરીને વિકાસની તરફેણમાં એટલે કે, **વિકાસની ઓળખ ભાજપાને સત્તાના સૂત્રો સોંપ્યાં છે. ભાજપાએ પ્રજાએ આપેલ જન સમર્થનને હંમેશા સન્માન આપ્યું છે.**

**વેરાનું વળતર વિકાસ દ્વારા, જનસમર્થન દ્વારા સાર્થક કર્યું છે.**

260 તાલુકા પંચાયત, 34 જિલ્લા પંચાયત, 84 નગરપાલિકા અને 15 મ્યુનિસિપલ કોર્પોરેશનના 10,157 સેવકોને ચૂંટવા માટેનો અવસર આવ્યો છે, ત્યારે સત્તાની ત્રિવેણી રચવા ભાજપાનું આહ્વાન છે. **ભાજપા જે કહે છે તેનાથી વધારે સમાજના હિતલક્ષી કાર્યો કરે છે.**

**અયોધ્યામાં ભગવાન રામનું મંદિર નિર્માણ કર્યું.**
**કાશ્મીરમાંથી 370 ની કલમ નાબૂદ કરી.**
**સમાન નાગરિક ધારો અમલી કર્યો.**
**દ્વારકા, બેટ દ્વારકા, સોમનાથ જેવા પવિત્ર યાત્રાધામો દબાણમુક્ત કર્યા.**
**ચંડોળા તળાવના દબાણો દૂર કરી ઘૂસણખોરોને દેશ નિકાલ કર્યો.**
**શક્તિપીઠ માં અંબાના ધામનો વિકાસ કર્યો**
**પાવાગઢ શક્તિપીઠની શોભા વધારી.**
**દેવમોગરા માતાનું મંદિર નિર્માણ કર્યું.**
**ગરીબ, યુવા, અન્નદાતા અને નારી શક્તિ કલ્યાણના માર્ગો પ્રશસ્ત કર્યા.**
**ભગવાન બિરસામુંડા યુનિવર્સિટીની સ્થાપના કરવામાં આવી.**
**ભગવાન બિરસામુંડાની જન્મ જયંતિ સમગ્ર રાષ્ટ્રમાં જનજાતિય ગૌરવ દિવસ તરીકે ઉજવવાનો પ્રારંભ કર્યો.**
**મેટ્રો ટ્રેનને ધમધમતી કરી, બુલેટ ટ્રેન ધમધમતી થશે.**
**સાબરમતી રીવરફ્રન્ટનું નઝરાણું આપ્યું.**

ગુજરાતના વિકાસ પ્રેમી મતદારોના સહકારથી ઉભી થયેલી સત્તાની ત્રિવેણી થકી આંતર માળખાકીય ક્ષેત્રે, ધર્મ અને આધ્યાત્મિક્તાના ક્ષેત્રે, સમરસતા અને એકતાના ક્ષેત્રે, સ્ટાર્ટઅપ અને ઈનોવેશનના ક્ષેત્રે, ઔદ્યોગિક વિકાસ, મહિલા સશક્તિકરણના ક્ષેત્રે, પ્રવાસન ક્ષેત્રે અનેક યોજનાઓ અમલી કરી સક્ષમ, સબળ, સમૃધ્ધ, સુંદર અને શાંત ગુજરાત બનાવ્યું છે. આ સિદ્ધિઓને વધારે દિવ્ય અને ભવ્ય કરવાની છે. **સહકાર થી સમૃદ્ધિના ઉંચા શિખરો સર કરવાના છે. સૌના સાથ વગર આ શક્ય નથી.** સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીમાં વિકાસને ભાજપાને સાથ આપવાની અપીલ સાથે સંકલ્પપત્ર લાવ્યા છીએ. આ માત્ર વાયદાઓ નથી, પ્રતિબધ્ધતા છે.

**નાગરિક સહકારથી બને**
**સુંદર અમદાવાદ.**

**જનસમર્થન**
ભાજપને વિકાસને

આપણા શહેરના વિકાસને નવી ઊંચાઈઓ સુધી પહોંચાડવાની ભાવના સાથે,
સંકલ્પોને અમલમાં ઉતારવાની નિર્ણાયક વિચારધારાને લઈને
ભાજપા પોતાના સંકલ્પો પ્રજા સમક્ષ રજૂ કરે છે.

**આ માત્ર શબ્દોમાં લખાયેલા કામો નથી, પરંતુ ભાજપ શાસનમાં કરવામાં આવેલા**
**વિકાસકાર્યો દ્વારા જે વિશ્વાસ અને શુભભાવના ઉભી કરી છે**
**તેનું આ જીવંત પ્રતિઘોષ છે.**


**CLEAN CITY**

**" અમે જે કહ્યું છે, તે માત્ર વચન નથી...**
**તે કરીને બતાવ્યું છે"**

ચાલો, આગળ વધીને
પ્રગતિશીલ, સમૃદ્ધ અને ગૌરવશાળી શહેર બનાવીએ.

**GREEN CITY**

**વંદે માતરમ્**



## અમદાવાદ શહેરની ઓળખ સાબરમતી રિવરફ્રન્ટ
## દેશનો સૌથી મોટો રિવરફ્રન્ટ

- રિવરફ્રન્ટએ અમદાવાદની આગવી ઓળખ છે, હાલમાં 11.50 કિ.મી.નો રિવરફ્રન્ટ બની ગયેલ છે. આગામી સમયમાં ડફનાળા થી ઇન્દિરાબ્રિજ સુધી અને ઇન્દિરાબ્રિજ થી ગીફટસીટી સુધી રિવરફ્રન્ટ આગળ વધારવાનું આયોજન છે.
- રિવરફ્રન્ટ પર અપર અને લોવર વોક વે હશે.
- જેમ જેમ રિવરફ્રન્ટ બનશે તેમાં નવા આયામો ઉમેરાશે.
- આ પ્રોજેક્ટ દ્વારા શહેરમાં પ્રવાસન, સુવિધા અને મનોરંજનના પ્રકલ્પોમાં વધારો થશે.



નાગરિક સહકારથી બને
સુંદર અમદાવાદ.

જનસમર્થન
ભાજપને વિકાસને

વોટર પ્રોજેક્ટ

# વોટર પ્રોજેક્ટ પરકોલેટિંગ વેલ / વિવિધ ઝોનમાં નવા પમ્પિંગ સ્ટેશન તથા નેટવર્ક

- સમગ્ર અમદાવાદની વધતી જતી વસ્તીને નર્મદાનું શુદ્ધ પીવાનું પાણી મળી રહે તે માટે 1000 MLD ના નવા પ્લાન્ટ નાખવાનું આયોજન.
- અમદાવાદ શહેરના તમામ તળાવો પર 10 જેટલા STP બનાવી ડ્રેનેજના પાણીને શુદ્ધ કરી તળાવો ભરવામાં આવશે. પરિણામે ભૂગર્ભ જળ સ્તરમાં પણ વધારો થશે.
- **કેચ ધ રેન** અંતર્ગત આગામી સમય માં 2000 જેટલા પરકોલેટિંગ વેલ, જરૂરિયાત મુજબ ખંભાતી કુવા તથા બંધ બોરોને રીચાર્જ કરી ફરી ઉપયોગમાં લઈ શકાય તે પ્રકારનું આયોજન કરવામાં આવશે, પરિણામે આવનારી પેઢીને શુદ્ધ પાણી મળી રહે તેવો અમારો સંકલ્પ છે.
- તમામ ચાલીઓમાં કલોરીનેશનના ડોઝીયર મુકવામાં આવશે.

## અમદાવાદ શહેરમાં હાલમાં કાર્યરત જળ શુધ્ધિકરણ મથકો ઉપરાંત કામગીરી ચાલુ હોય / આયોજન કરેલ હોય તેવા જળ શુધ્ધિકરણ મથકોની વિગત નીચે મુજબ છે.

| અ. નં. | જળ શુધ્ધિકરણ મથકનું નામ | હયાત જળ શુધ્ધિકરણ મથકની ક્ષમતા | આયોજન | કુલ થનાર ક્ષમતા |
|---|---|---|---|---|
| 1 | કોતરપુર જળ શુધ્ધિકરણ મથક | 1150 MLD | કામ ચાલુ 400 | 1150 MLD |
| 2 | જાસપુર જળ શુધ્ધિકરણ મથક | 400 MLD | કામ ચાલુ : 200, અંદાજ બનાવામાં 250 | 850 MLD |
| 3 | રાસ્કા જળ શુધ્ધિકરણ મથક | 200 MLD | 100 | 300 MLD |
| | | | | 2300 MLD |



નાગરિક સહકારથી બને
સુંદર અમદાવાદ.

સંકલ્પ પત્ર 2026

## વૉટર સપ્લાય ઈન્ફ્રાસ્ટ્રકચર

- અમદાવાદ શહેરની ભવિષ્યની પાણીની જરૂરિયાતો ધ્યાને રાખીને નવા વૉટર ટ્રીટમેન્ટ પ્લાન્ટનું માસ્ટર પ્લાનિંગ.
- શહેરમાં નવા સમાવેશ કરવામાં આવેલ સમગ્ર વિસ્તાર 100 % વૉટર નેટવર્કથી કવર કરવાનું ઘનિષ્ઠ આયોજન.
- શહેરની વૉટર સપ્લાય ઈન્ફ્રાસ્ટ્રકચરનું G.P.S. આધારિત અપગ્રેડેશન કરવું.
- તમામ વૉટર ટ્રીટમેન્ટ પ્લાન્ટ ખાતે ઝીરો લીકવીડ ડીસ્ચાર્જ (ZLD) પ્લાન્ટનું નિર્માણ કરવું.
- સ્માર્ટ વૉટર મેનેજમેન્ટ સિસ્ટમ કરવી.

## સુએજ અને સ્ટ્રોમ વૉટર

- અમદાવાદ શહેરની ભવિષ્યની પાણી તથા ડ્રેનેજના ઈન્ફ્રાસ્ટ્રક્ચરની જરૂરિયાતને ધ્યાને રાખીને સુએજ અને સ્ટ્રોમ વૉટરનું માસ્ટર પ્લાનીંગ.
- શહેરનો સમગ્ર વિસ્તાર 100% સુએજ નેટવર્કથી કવર કરવાનું ઘનિષ્ઠ આયોજન.
- શહેરમાં ઉત્પન્ન થતા તમામ સુએજ ના શુદ્ધિકરણ તેમજ તેના રિસાયકલ રીયુઝ નું આયોજન.
- શહેરની સુએજ અને સ્ટ્રોમ વૉટર સિસ્ટમનું G.P.S. આધારિત લેઝર રજીસ્ટર બનાવવું.
- સુએજ ટ્રીટમેન્ટ દરમિયાન ઉદભવીત સ્લજનું રિસાઈકલ કરી આવક ઉભી કરવાનું આયોજન.
- AI બેઝડ સ્માર્ટ સુએજ અને સ્ટ્રોમ વૉટર મેનેજમેન્ટ સિસ્ટમ બનાવવામાં આવશે.
- શહેરના તમામ નદી, તળાવ અને જળસ્ત્રોતોને પ્રદૂષણ મુક્ત કરવાનું આયોજન.
- શહેરને આગામી વર્ષોમાં ફ્લડ પ્રૂફ કરવા માટેનું આયોજન.
- શહેરમાં મહત્તમ વૉટર બૉડી બનાવવા માટેનું આયોજન.
- સમગ્ર શહેરમાં ખારીકટ, ગોતા-ગોધાવી, ચંદ્રભાગાની જેમ એક પણ નાળું ખુલ્લું ન રહે તે મુજબ આયોજન કરી શહેરને નાળા મુક્ત કરવાની કામગીરી કરીશું.

## શહેરના તમામ ઝોનમાં ડ્રેનેજ લાઈન અને સ્ટ્રોમ વૉટર નેટવર્કના રિહેબિલિટેશન

- આગામી 5 વર્ષમાં વર્ષો જુની લાઈન રિ-ફેબ કરી 500 કિ.મી.ની લાઈન રિ-ફેબ કરવામાં આવશે.
- આગામી 5 વર્ષમાં ડ્રેનેજની સમસ્યા ના ઉદભવે તે માટે બીજા 1500 MLD ના શુધ્ધીકરણ પ્લાન્ટ નાંખવામાં આવશે.
- આગામી સમયગાળા દરમ્યાન 200 MLD પાણી ટ્રીટ કરીને ઉદ્યોગોને આપવામાં આવશે.
- શહેરના વિવિધ વિસ્તારોમાં જૂની બનેલી ડ્રેનેજ લાઇનોને મજબૂત અને આધુનિક બનાવવા મહત્વપૂર્ણ પહેલ.
- નવા જોડાયેલા વિસ્તારોમાં સ્ટ્રોમ વૉટર અને ડ્રેનેજ નેટવર્કને સુવ્યવસ્થિત રીતે વિકસાવવાની યોજના.
- વરસાદી પાણીના યોગ્ય નિકાલ માટે સ્ટ્રોમ વૉટર સિસ્ટમને વધુ અસરકારક બનાવવાનો પ્રયાસ.
- સમગ્ર શહેરમાં સુવ્યવસ્થિત અને મજબૂત અન્ડરગ્રાઉન્ડ ઈન્ફ્રાસ્ટ્રક્ચર વિકસાવવાનો સંકલ્પ.



# ફાયર પ્લાન દ્વારા સુરક્ષિત અમદાવાદ

- શહેરની વસ્તી અને ભવિષ્યના આયોજન પ્રમાણે અત્યાધુનિક ફાયર સ્ટેશનના નિર્માણની યોજના.
 2026-27 માં - 15 ફાયર સ્ટેશન, 2027-28 માં - 13 ફાયર સ્ટેશન બનાવવાનું આયોજન.
- એડવાન્સ સુવિધાઓ થી સજ્જ મોડલ ફાયર સ્ટેશનનું નિર્માણ.
- ફાયર સ્ટાફ અને જાહેર જનતા માટે એડવાન્સ ફાયર ફાઇટિંગ, રેસ્ક્યુ અને વોટર રેસક્યુની તાલીમ માટે ટ્રેનિંગ સેન્ટર.
- ફાયર ખાતાનુ મેનપાવર વધારવા ફાયર સ્ટાફની નવી ભરતી અને ખાતાકીય બઢતી સાથે શહેરને સલામત બનાવવાની યોજના.
- પ્રત્યેક ઝોનમાં 70 મીટરની ઊંચાઇ ધરાવતી ઇમારતોમાં પહોંચી વળવા માટે ફાયર ફાઇટિંગ વિથ રેસક્યુ વ્હીકલ.
- અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન હદ વિસ્તારને સાબરમતી નદી બે ભાગમાં વહેંચે છે જેથી કરીને ઇસ્ટ ઓફ ધ રીવર અને વેસ્ટ ઓફ ધ રીવર 01 નંગ - 01 નંગ એમ કુલ 02 નંગ - 104 મીટરના ઊંચાઇ સુધી કાર્યક્ષમતા ધરાવતી સૌથી મોટી હાઇડ્રોલિક પ્લેટફોર્મ વિથ ફાયર ફાઇટિંગ સીસ્ટમ.
- અત્યાધુનિક સુવિધાઓ અને સાધનોથી યુક્ત અમદાવાદ શહેરને કટોકટી ના સમયે કોમ્યુનિકેશન અને જરૂરી મોનિટરિંગ હેતુલક્ષી સ્માર્ટ કમાન્ડ કંટ્રોલ સેન્ટર બનાવવા માટેનું આયોજન કરવા બાબત.
- કોટ વિસ્તાર તથા ગીચ વિસ્તાર માટે નાના ફાયર ફાઇટરની અલગ વ્યવસ્થા ઉભી કરવામાં આવશે.
- વર્ટીકલ હાઇરાઇઝ ઇમારતોની બિલ્ડીંગોમાં આગને કાબુમાં લેવા માટે અગ્નિશામક ડ્રોનની સુવિધા ઉભી કરવામાં આવશે.



નાગરિક સહકારથી બને
સુંદર અમદાવાદ.

સંકલ્પ પત્ર 2026

## આરોગ્ય અને સુખાકારી

"સર્વે સન્તુ નિરામયા"

### આરોગ્ય સેવાઓના મજબૂતિકરણ માટેનું આયોજન

- હેલ્થ સેક્ટર અંતર્ગત તમામ લોકોને મફત સારવાર, મફત ટેબ્લેટ, પેથોલોજીકલ ટેસ્ટ બિલકુલ ફ્રી.
- **70 વર્ષથી ઉપરના સિનિયર સિટીઝનના** ઘરે જઈને આરોગ્ય નિદાન.

**આરોગ્ય સંસ્થાઓનું અપગ્રેડેશન અને નવી સંસ્થાઓની સ્થાપના:**

- અર્બન કોમ્યુનિટી હેલ્થ સેન્ટરની સંખ્યા આગામી સમયમાં અમદાવાદમાં કુલ 20 અર્બન કોમ્યુનિટી હેલ્થ સેન્ટર કાર્યરત થાય તે મુજબનું આયોજન કરવામાં આવશે.
- અર્બન પ્રાયમરી હેલ્થ સેન્ટરની સંખ્યાને 100 કરતાં વધુ લઈ જવાનું લક્ષ્ય.

**કેન્સરની સારવાર માટે અધતન સ્પેશિયાલિટી હોસ્પિટલ**

- નાગરિકોને વધુ સસ્તી અને સુલભ આરોગ્ય સેવા મળે તે માટે મહત્વપૂર્ણ પહેલ.
- AMC સંચાલિત હોસ્પિટલમાં સર્વાઈકલ કેન્સર અને ઓરલ કેન્સરની સારવારની સુવિધા વધુ મજબૂત બનાવવાનો સંકલ્પ.
- વ્યસન અને પ્રદૂષણના કારણે વધતા કેન્સરના કેસોને ધ્યાનમાં રાખી ખાસ આયોજન.
- નાગરિકોને સમયસર નિદાન અને સારવાર મળી શકે તે માટે આરોગ્ય સેવાઓનો વિસ્તાર.
- આ પહેલથી સામાન્ય નાગરિકોને આર્થિક ભાર વગર સારવાર મેળવવાની વધુ તક મળશે.
- શહેરમાં સ્વસ્થ અને સુરક્ષિત જીવન માટે આરોગ્ય સેવાઓને વધુ સશક્ત બનાવવાનો પ્રયાસ.



## ટ્રાફિક સોલ્યુશન શહેરમાં AI આધારિત ટ્રાફિક સિગ્નલ સિસ્ટમ વિકસાવવાની યોજના

- ટ્રાફિક નિવારણ માટે AI બેસ ટ્રાફિક સોલ્યુશન.
- 100 જેટલા લેફ્ટ ટન ખુલ્લા કરવામાં આવશે.
- તમામ ST અને પ્રાઈવેટ બસો માટે રીંગ રોડ પર મલ્ટી મોડલ આધુનિક હબ બનાવામાં આવશે. પરિણામે 3000 જેટલી બસો શહેરની અંદર ના આવવાના કારણે ટ્રાફિકનું ભારણ ઘટશે.
- 5 વર્ષમા મલ્ટી મોડલ ટ્રાન્સીસ્ટ હબ બનાવામાં આવશે, ત્યાંથી બધી કનેક્ટિવિટી પ્રાપ્ત થાય.
- શહેરમાં વધતા ટ્રાફિકને ધ્યાનમાં રાખીને રાજ્ય સરકાર તથા કેન્દ્ર સરકાર સાથે મળી આધુનિક AI ટેક્નોલોજી દ્વારા ટ્રાફિક વ્યવસ્થા સુધારવાનો સંકલ્પ. જેથી શહેરના નાગરિકોને ટ્રાફિકમાંથી મુક્તિ મળી રહે તેવું આયોજન.
- સિસ્ટમ દ્વારા વાહનોના રિયલ-ટાઈમ ડેટા અને ટ્રાફિક પ્રવાહનું વિશ્લેષણ.
- ટ્રાફિક સિગ્નલ સમયને ઓટોમેટિક રીતે નિયંત્રિત કરી ટ્રાફિક જામ ઘટાડવામાં મદદ.
- નાગરિકોના સમયની બચત અને મુસાફરી વધુ સરળ બનાવવાનો પ્રયાસ.
- શહેરને સ્માર્ટ અને ટેકનોલોજી આધારિત ટ્રાફિક મેનેજમેન્ટ તરફ આગળ વધારવું.
- પે એન્ડ પાર્કમાં સિઝન પાસની વ્યવસ્થા કરવાનું આયોજન.



## ટ્રાન્સપોર્ટેશન

### પબ્લિક ટ્રાન્સપોર્ટેશન AMTS / BRTS

- BRTSમાં મહિલાઓ માટે પીંક બસની વ્યવસ્થા.
- 65 વર્ષ થી વધુના લોકોને દર્શનની વ્યવસ્થા તદ્દન ફ્રી.
- આગામી સમયમાં AMTS અને BRTS ની એકજ ટિકિટ.
- 2030 સુધીમાં રોડ પર સંપુર્ણ વાતાનુકુલીત 3000 જેટલી ઈલેક્ટ્રીક બસ દોડશે, જેથી પ્રદૂષણમાં ઘટાડો થશે.
- આગામી વર્ષમાં મલ્ટિ મોડલ હબ બનાવી. ત્યાંથી બધી કનેક્ટિવિટી પ્રાપ્ત થાય તેવી સગવડ ઉભી કરી નાગરિકોને સુવિધા આપવામાં આવશે.

### મહિલાઓને વિશેષ સન્માન

- આગામી પાંચ વર્ષમાં દરેક વોર્ડમાં મહિલા જીમ યોગ અને પ્રાણાયામ સાથે.
- કોર્પોરેશનની તમામ ભરતીમાં 33% મહિલા અનામત.
- દિકરીઓને સર્વાઇકલ કેન્સરની રસી.
- દરેક વોર્ડમાં મહિલાઓ માટે પીંક ટોયલેટ.



## સંપૂર્ણ સ્લમ મુક્ત (ઝુંપડપટ્ટી મુક્ત) અમદાવાદનો નિર્ધાર

- આગામી સમયમાં 50,000 મકાનોનો લક્ષ્યાંક, ગરીબોને ઘરનું ઘર, ઝુંપડું ત્યાં મકાન, 30 અને 37 ચો.મીટરનાં ઘર આપવામાં આવશે, પરિણામે તે પરિવારોનું જીવનધોરણ ઊંચું આવશે.
- તમામ ચાલીઓમાં લાઈટ, પાણી અને પેવર બ્લોકની સુવિધાથી સજ્જ બનશે.

આવાસ યોજના

આવાસ યોજના



## વોટર બોડી પર ફ્લોટિંગ સોલાર એનર્જી પ્રોજેક્ટ

- હાલમાં મહાનગરમાં 43% જેટલી રિન્યુએબલ એનર્જી ઉત્પાદન કરવામાં આવે છે. 2031 સુધીમાં અમદાવાદમાં સોલાર ઉર્જા દ્વારા (100%) ઉર્જા ઉત્પન કરશે, પરિણામે વર્ષે 3000 કરોડની બચત થશે. તદઉપરાંત તળાવમાં ફ્લોટિંગ સોલાર લગાવામાં આવશે.
- શહેરના તળાવો અને સાબરમતી નદી પર Eco-friendly ફ્લોટિંગ સોલાર એનર્જી પ્રોજેક્ટ શરૂ કરવાની મહત્વપૂર્ણ પહેલ.
- ઉપયોગમાં ન લેવાતા પાણીના સપાટી વિસ્તારનો સુયોગ્ય ઉપયોગ કરી સ્વચ્છ ઊર્જા ઉત્પાદન.
- સોલાર પેનલના કારણે પાણીના બાષ્પીભવનમાં ઘટાડો અને પાણીની ગુણવત્તા જાળવવામાં સહાય.
- નવીનીકરણીય અને હરિત ઊર્જા ક્ષેત્રે આગવું શહેર બનાવવાનો સંકલ્પ.



## બ્રિજ પ્રોજેક્ટ

- આગામી સમયમાં ટ્રાફિક હળવો કરવા માટે 17 જેટલા નવા બ્રિજ બનાવવાનું આયોજન.
- સુભાષબ્રિજને 8 માર્ગીય કરવાનું આયોજન.
- તદઉપરાંત 3 અંડરપાસનું નિર્માણ.
- ફાટકમુક્ત અમદાવાદનું આયોજન.
- શહેરમાં ટ્રાફિકની સમસ્યા ઘટાડવા મહત્વપૂર્ણ કનેક્ટિવિટી પ્રોજેક્ટ હાથ ધરવાનો સકલ્પ.
- શહેરમાં આધુનિક માર્ગ સુવિધાઓ અને ઈન્ફ્રાસ્ટ્રક્ચર વિકાસને પ્રોત્સાહન.



# "કોમન વેલ્થ ગેમ" ની યજમાની માટે અમદાવાદ તૈયાર

## પ્રત્યેક ઝોનમાં મીની સ્પોર્ટ્સ કોમ્પ્લેક્સ તથા રમત-ગમતના મેદાન વિકસાવવા

- કોમનવેલ્થ 2030 ને ધ્યાનમાં રાખીને "રમશે ગુજરાત, જીતશે ગુજરાત" અને "રમશે બાળક, ખીલશે બાળક" તે અંતર્ગત દરેક ઝોનમા એક સ્માર્ટ કોમ્પ્લેક્ષ દરેક વોર્ડમાં એક મેદાન, દરેક બ્રિજ નીચે સ્પોર્ટ્સ એક્ટિવિટી ઝોન બનાવવામાં આવશે.

**દરેક વોર્ડ માં રમત - ગમત મેદાન બનાવવાનું આયોજન**

- પ્રધાનમંત્રીશ્રીની ઓબેસિટી નાબૂદી અભિયાનને વેગ મળે તે માટે તેમજ યુવાનોમાં ફિટનેસ, રમતગમતની ભાવના અને સ્વસ્થ જીવનશૈલીને પ્રોત્સાહિત કરવા પ્રયત્નશીલ રહી અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન એક કદમ આગળ રહેશે.



# હરિયાળું અમદાવાદ

## ગાર્ડન પ્રોજેક્ટ

- આગામી સમયમાં અમદાવાદનું ગ્રીન કવર 12.50 % થી 18% સુધી લઈ જવાનું આયોજન.
- નવા ૭લો ગાર્ડનનું નિર્માણ.
- 100 જેટલા ગાર્ડનમાં યોગા કોર્નરની સુવિધા.
- પીપીપી મોડલ આધારિત નવા ગાર્ડન બનાવવાનું આયોજન.
- શહેરમાં આવનારા પ્રવાસીઓ અને નાગરિકો માટે પ્રકૃતિ અને વન્યજીવનનો અનોખો અનુભવ મળે તે માટે મહત્વપૂર્ણ પહેલ.
- ઝૂ ગાર્ડનમાં વિવિધ પ્રાણીઓ અને પક્ષીઓ સાથે લેન્ડસ્કેપિંગ અને આધુનિક સુવિધાઓનું આયોજન.
- નાગરિકો માટે પર્યાવરણ જાગૃતિ, મનોરંજન અને શિક્ષણનો અનોખો મંચ,
- પરિવાર અને બાળકો માટે પ્રકૃતિ સાથે જોડાવાનો આનંદદાયક અનુભવ.
- આ પહેલથી શહેરમાં પર્યટન અને ગ્રીન સ્પેસનું મહત્વ વધશે.

## શહેરમાંથી પસાર થતી રેલવે લાઈનના બંને બાજુ અર્બન પ્લાન્ટેશન

- શહેરને વધુ હરિયાળું બનાવવા પર્યાવરણમિત્રો બનાવવાનું મહત્વપૂર્ણ પગલું ભરવામાં આવશે.
- શહેરમાં લિનિયર ગાર્ડન અને હરિયાળી કોરિડોર વિકસાવવાની યોજના.
- આ પહેલથી શહેરનું ગ્રીન કવર વધશે અને પર્યાવરણનું સંતુલન મજબૂત બનશે.



## શહેરનાં પૂર્વ વિસ્તારમાં અમદાવાદ હાટ બનાવવાની યોજના

- આત્મનિર્ભર ભારતના વિઝનને સાકાર કરવા સ્થાનિક ઉદ્યોગકારો અને હસ્તકલા કારીગરોને પ્રોત્સાહન આપવાની પહેલ.
- શહેરના પૂર્વ વિસ્તારમાં "અમદાવાદ હાટ" વિકસાવવાની યોજના.
- હસ્તકલા, હેન્ડીક્રાફ્ટ, ટેક્સટાઇલ અને પરંપરાગત ઉત્પાદનોને વેચાણ માટે વિશેષ મંચ મળશે.
- નાના ઉદ્યોગકારો અને કારીગરોને રોજગાર અને વેપાર માટે નવી તકો મળશે.
- નાગરિકો માટે સ્થાનિક સંસ્કૃતિ અને હસ્તકલા સાથે જોડાવાનો અનોખો અનુભવ.

## સ્ટાર્ટઅપ ફેસ્ટિવલ માટે આયોજન

- આત્મનિર્ભર ભારતના વિઝનને આગળ વધારવા સ્ટાર્ટઅપ સંસ્કૃતિને પ્રોત્સાહન આપવાની મહત્વપૂર્ણ પહેલ, નવીન વિચારો, ટેકનોલોજી અને ઉધોગ સાહસિકતાને પ્રોત્સાહન આપવા સ્ટાર્ટઅપ ફેસ્ટિવલનું આયોજન.
- યુવાનોને તેમના નવા પ્રોજેક્ટ, સ્ટાર્ટઅપ આઈડિયા અને ઈનોવેશન રજૂ કરવાની તક મળશે.
- સ્ટાર્ટઅપ, રોકાણકારો અને ઉધોગ જગત વચ્ચે સંવાદ અને સહયોગ માટે મંચ તૈયાર થશે.
- આ પહેલથી રોજગાર સર્જન અને નવી આર્થિક તકો ઊભી કરવાની દિશામાં મહત્વપૂર્ણ પગલું.



## ઈ-ગવર્નન્સ ડેવલપમેન્ટ અને જીઓ ટેગિંગ સિસ્ટમ

- નાગરિકોને ઝડપી, પારદર્શક અને ટેક્નોલોજી આધારિત સેવાઓ ઉપલબ્ધ કરાવવાનો સંકલ્પ.
- શહેરમાં ઈ-ગવર્નન્સ સિસ્ટમને વધુ મજબૂત બનાવી ડિજિટલ સેવાઓનો વિકાસ.
- વિવિધ પ્રોજેક્ટ, સંપત્તિ અને સુવિધાઓનું જીઓ ટેગિંગ કરી સચોટ ડિજિટલ રેકોર્ડ તૈયાર કરવો.
- મ્યુનિસિપલ સંપત્તિનું ડિજિટલ મેપિંગ, મોનિટરિંગ અને ટ્રેકિંગ વધુ અસરકારક બનશે.
- નાગરિક સેવાઓમાં પારદર્શિતા અને કાર્યક્ષમતા વધારવાનો પ્રયાસ.
- AMCમાં રાજ્ય સરકારની રાહે રીયલ ટાઈમ એસેટ મોનીટર પોર્ટલનું આયોજન કરવામાં આવશે.



નાગરિક સહકારથી બને
સુંદર અમદાવાદ.

સંકલ્પ પત્ર 2026

**સ્વચ્છતા ત્યાં પ્રભુતા**

## સ્વચ્છતા આયોજન

- આગામી સમયમાં પિરાણાની ડમ્પ સાઈટને નેસ્તનાબુદ કરવામાં આવશે અને તે જગ્યા પર સુંદર ગાર્ડન ડેવલપ કરવામાં આવશે.
- સ્વચ્છતા માટે નવા 5 આરટીએસ અને 2000 મેટ્રિક ટન જેટલા કચરાને આધુનિક પધ્ધતિથી નિકાલ કરવાનું આયોજન.

## કિચન વેસ્ટથી CNG ઉત્પાદન માટે પ્લાન્ટ સ્થાપિત કરવાની યોજના

- શહેરમાં વધતા કિચન વેસ્ટનું વૈજ્ઞાનિક રીતે સંચાલન કરી ઊર્જામાં પરિવર્તિત કરવાની મહત્વપૂર્ણ પહેલ.
- હોટલ, રેસ્ટોરન્ટ અને મ્યુનિસિપલ સોલિડ વેસ્ટમાંથી મળતા ઓર્ગેનિક કચરાથી CNG ઉત્પાદન કરવાનો સંકલ્પ.
- આધુનિક ટેકનોલોજી દ્વારા ઓર્ગેનિક વેસ્ટને પ્રોસેસ કરી બાયોગેસ અને CNG બનાવવાની યોજના.
- ઉત્પન્ન થતા ગેસનો ઉપયોગ ગેસ નેટવર્ક અથવા અન્ય ઊર્જા જરૂરિયાત માટે કરી શકાય.
- પ્રોસેસ પછી મળતી સ્લરીનો ખાતર તરીકે ઉપયોગ કરી શકાય.
- આ પહેલથી શહેરમાં કચરો ઘટાડવા, સ્વચ્છતા વધારવા અને ગ્રીન એનર્જી ઉત્પન્ન કરવા મદદ મળશે.

## હયાત તળાવોના શુદ્ધિકરણ માટે સ્માર્ટ એરેટર અને ફાઉન્ટેન ડેવલપમેન્ટનું આયોજન

- અમદાવાદ શહેરમાં સર્વાંગી વિકાસ સાથે પર્યાવરણ અને પાણીના સંસાધનોના સંરક્ષણ પર પણ ખાસ ધ્યાન આપવામાં આવી રહ્યું છે.
- શહેરમાં તળાવો અને જળાશયોનું સંવર્ધન અને જાળવણી શહેરી પર્યાવરણ માટે મહત્વપૂર્ણ માનવામાં આવે છે. શહેરના વિવિધ તળાવોનું પાણી સ્વચ્છ અને સ્વસ્થ રહે તેમાટે આધુનિક તકનીકોનો ઉપયોગ કરવાની દિશામાં આયોજન કરવામાં આવી રહ્યું છે.
- સ્માર્ટ એરેટર દ્વારા તળાવના પાણીમાં ઓક્સિજનનું પ્રમાણ વધારી પાણીની ગુણવત્તા સુધારવાનો પ્રયાસ કરવામાં આવશે. તળાવો ખાતે ફાઉન્ટેન જેવી સુવિધાઓ વિકસાવવાથી પર્યાવરણ સુધારણા સાથે આ સ્થળો આકર્ષક જાહેર સ્થળ તરીકે પણ વિકસિત થઈ શકે છે.
- **Bio-Remedy** જેવી નવી ટેક્નોલોજીની મદદથી તળાવનું શુદ્ધિકરણ.



નાગરિક સહકારથી બને
સુંદર અમદાવાદ.

જનસમર્થન
ભાજપને વિકાસને



## હેરિટેજ દરવાજા અને હેરિટેજ વિસ્તારોના વિકાસની યોજના

- હેરિટેજમાં અમદાવાદે વર્લ્ડ હેરિટેજ સિટી નું બિરૂદ પ્રાપ્ત કર્યું છે.
- જગન્નાથ મંદિરનો રૂટ હેરિટેજ વોક તરીકે ડેવલપ કરવામાં આવશે.
- અમદાવાદને મળેલા પ્રથમ હેરિટેજ સિટીનો ગૌરવ વધુ મજબૂત બનાવવાનો સંકલ્પ.
- શહેરના મહત્વપૂર્ણ હેરિટેજ દરવાજા અને હેરિટેજ વિસ્તારોનું સંરક્ષણ અને વિકાસ,
- હેરિટેજ ગેટ તથા આસપાસના વિસ્તારોમાં બ્યુટિફિકેશન અને આધુનિક LED લાઇટિંગની વ્યવસ્થા.
- પ્રવાસીઓને ઇતિહાસ, સંસ્કૃતિ અને સ્થાપત્યનો અનોખો અનુભવ મળે તે માટે આયોજન.
- આ પહેલથી શહેરમાં પર્યટન વિકાસ અને હેરિટેજની ઓળખ વધુ મજબૂત બનશે.
- હેરિટેજ અમદાવાદને 5 વર્ષમાં નવા હેરિટેજ રૂટનું નજરાણું આપવામાં આવશે.
  - જગન્નાથ મંદિર થી આંબલી વાલી પોળ - શાહપુર
  - જગન્નાથ મંદિર થી ત્રણ દરવાજા
  - જગન્નાથ રથયાત્રાનો રૂટ ડેવલોપ કરવામાં આવશે.



**સ્માર્ટ સ્કૂલ**

## તમામ સ્કૂલ સ્માર્ટ સ્કૂલ બનાવવામાં આવશે તેમજ અંગ્રેજી માધ્યમ શરૂ કરવાની યોજના

- અમદાવાદ શહેરની તમામ સ્કૂલોને સ્માર્ટ સ્કૂલ બનાવવામાં આવશે.
- તમામ બાળકોનું સમયાંતરે મેડિકલ ચેકઅપ કરવાનું આયોજન હાથ ધરાશે.
- શહેરના ગરીબ અને મધ્યમ વર્ગના બાળકોને ઉત્તમ અને આધુનિક શિક્ષણની તક મળે તે માટે મહત્વપૂર્ણ પહેલ.
- બાળકો વૈશ્વિક પ્રવાહ સાથે જોડાઈ શકે અને સ્પર્ધાત્મક યુગમાં આગળ વધી શકે તે માટે AI એજ્યુકેશન આપતી નવી અંગ્રેજી માધ્યમ શાળાઓ શરૂ કરવાનો સંકલ્પ. જેથી ભવિષ્યમાં બાળકને રોજગાર અને કારકિર્દી માટે વધુ તકો મળી રહે.
- સામાન્ય પરિવારોના બાળકોને ખાનગી શાળાઓ જેવી ગુણવત્તાવાળી શિક્ષણ સુવિધા ઉપલબ્ધ કરાવવાનો પ્રયાસ.
- આ પહેલથી સામાન્ય નાગરિકોના બાળકોને સમાન શિક્ષણ તકો મળશે.



## પાર્ટી પ્લોટ

### નવા ઓપન પાર્ટી પ્લોટ બનાવવાની યોજના

- શહેરની વધતી વસ્તીને ધ્યાનમાં રાખીને સામાજિક, સાંસ્કૃતિક અને શૈક્ષણિક કાર્યક્રમો માટે સામાન્ય નાગરિકોને પોષાય તેવા ઓછા ખર્ચે વધુ સુવિધા મળી રહે તેવા પાર્ટી પ્લોટ ઉપલબ્ધ કરાવવાનો સંકલ્પ.
- બોપલ, કઠવાડા, વિંઝોલ, નિકોલ અને લાંભા, નરોડા વિસ્તારોમાં નવા આધુનિક ઓપન પાર્ટી પ્લોટ બનાવવાની યોજના..
- લગ્ન, સામાજિક પ્રસંગો અને જાહેર કાર્યક્રમો માટે વિશાળ અને સુવિધાસભર સ્થળ ઉપલબ્ધ થશે.
- પ્લોટમાં પાર્કિંગ, ગેટ, લાઈટિંગ અને અન્ય જરૂરી સુવિધાઓ વિકસાવવામાં આવશે.
- ઝોન પ્રમાણે કથા ગ્રાઉન્ડ ડેવલપ કરવાનું આયોજન.



## સિનિયર સિટીઝન

### શહેરના સિનિયર સિટીઝનોને શહેર દર્શન કરાવવાની યોજના

- શહેરના સિનિયર સિટીઝનોને તબક્કાવાર વિના મૂલ્યે "અમદાવાદ દર્શન" કરાવવાની ખાસ યોજના.
- શહેરના ઐતિહાસિક, સાંસ્કૃતિક અને મહત્વપૂર્ણ સ્થળોની મુલાકાતનો અવસર.
- 65 વર્ષથી વધુના વરિષ્ઠ નાગરિકોને આનંદ, સ્મૃતિઓ અને સામાજિક જોડાણનો સુંદર અનુભવ મળશે. AMC તથા AMTS ના સહયોગથી સુવ્યવસ્થિત અને સુરક્ષિત પ્રવાસનું આયોજન આ પહેલથી વરિષ્ઠ નાગરિકો પ્રત્યે માન, સન્માન અને લાગણીનો સંદેશ મજબૂત બનશે.



# સ્વચ્છ અમદાવાદ,
# સુંદર અમદાવાદ.

## જનસમર્થન

**ભાજપને** **વિકાસને**

commonwealth games
AHMEDABAD 2030










પ્રકાશક : ભારતીય જનતા પાર્ટી, અમદાવાદ
મુદ્રક : માનવ પ્રિન્ટીંગ પ્રેસ પ્રત : ૫૦૦